# પાઠ - ૭ આત્માના કૃપાદાનો

**યાદ રાખો :** *"દરેકને જે કૃપાદાન મળ્યું તે એકબીજાની સેવા કરવામાં દેવની અનેક પ્રકારની કૃપાના સારા કારભારીઓ તરીકે વાપરવું" ( ૧ પિત્તર ૪ : ૧૦)*

**પ્રસ્તાવના :** *પાઉલ ૧ કરિંથી ૧૨ : ૧ માં લખે છે, "હવે ભાઈઓ, આત્મિક દાનો વિશે તમે અજાણ્યા રહો. એ મારી ઈચ્છા નથી." આત્માના કૃપાદાનો પવિત્ર આત્માથી ભરપૂર વિશ્વાસીઓ ઉપર ખાસ અભિષેકનો પ્રદાન કરવા. ઈશ્વર તરફથી મળતા દાનો છે. (ગ્રીક : ચેરિશ્મા) આ દાનો આપણે પોતાના પ્રયત્નો દ્વારા કમાઈ કે પ્રાપ્ત કરી શકતા નથી.*

*૧ કરિંથી ૧૨ : ૨૭ માં પાઉલ મંડળીને ખ્રિસ્તના શરીર તરીકે પ્રગટ કરે છે. તે આગળ સમજાવતા કહે છે કે વિશ્વાસીઓના આ "શરીર" ના અવયવો જુદા જુદા પ્રકારના દાનોનો ઉપયોગ કરશે, જેવી રીતે માનવ શરીરના અવયવોના અલગ અલગ કાર્યો અને હેતુઓ છે. તે નિર્દેશ કરે છે કે, આપણને ખ્રિસ્તના શરરીના અવયવો તરીકે એક સાથે સુમેળથી હેતુસર કાર્ય કરવા માટે અલગ દાનો આપ્યા છે. જે રીતે આપણા દૈહિક શરીરના અવયવોની કાર્ય કરવા રચના કરવામાં આવી છે.*

*૧ કરિંથી ૧૨ માં દર્શાવેલ ૯ આત્મિક દાનો સિવાય બીજા દાનો વચનોમાં રજૂ કરેલા છે જેવાં કે, પ્રેરિતો, પ્રબોધક, ઉપદેશકો, મદદગારો, અધિકારીઓ (૧ કરિંથી ૧૨ : ૨૮)*

*સુબોધ, દાન, અધિકાર, દયા (રોમન ૧૨ : ૬-૮)*

*સુવાર્તિકો (એફેસી ૪ : ૮, ૧૧ -૧૩) અને પરોણાગત (૧ પિત્તર ૪ : ૯ - ૧૦)*

(૧) *કૃપાદાનો અનેક પ્રકારના છે ......................*

*અનેક પ્રકારની (ˣ ડાએકોનીઆ) અને ...................... અનેક પ્રકારન (ˣˣ એનરજેમા) (૧ કરિંથી ૧૨ : ૪-૬)*

*ˣ ડાએકોનીઆ : સેવા કરવી*

*ˣˣ એનરજેમાં :- શક્તિ, કાર્યમાં, અસર તે ઈશ્વરનું અદ્‌ભુત સામર્થ્ય છે જે એ કૃપાદાનોનાં પ્રક્ટીકરણમાં કાર્ય કરે છે.*

(૨) *શું ઈશ્વરનું દરેક બાળક કૃપાદાન પ્રાપ્ત કરે છે ? (એફેસી ૪:૭, ૧ કરિંથી ૭:૭) ......................*

(૩) *"આપણે" .... ઉત્તમ કૃપાદાનો ...................... ની ...................... રાખવી જોઈએ. ...................... (૧ કરિંથી ૧૨ : ૩૧)*

*"પ્રીતિને અનુસરો અને આત્મિકદાનો પ્રાપ્ત કરવાની ...................... રાખો." (૧ કરિંથી ૧૪:૧)*

(૪) *એફેસી ૪ : ૮ આપણને કહે છે કેઈશ્વરે માણસોને કૃપાદાનો આપ્યા. આ કલમ ૧૧ માં આપેલી પાંચ પ્રકારની સેવાઓનો સમાવેશ કરે છે. (પ્રેરિતો, પ્રબોધકો, સુવાર્તિકો, પાળકો, અને ઉપદેશકો) આ કૃપાદાનો જે*

મંડળીને આપવામાં આવ્યા છે તેના ત્રણ હેતુઓ જણાવો (વાંચો કલમો ૧૨-૧૩)

(૧) ..........................................................

(૨) ..........................................................

(૩) ..........................................................

૯ આત્મિક (પ્રક્ટીકરણ) કૃપાદાનોની વ્યાખ્યા (૧ કરિંથી ૧૨ : ૭-૧૦)

(૧) **વચનનું જ્ઞાન** એ છે કે જ્યારે ઈશ્વર તમને અજાણી માહિતી અથવા હકિકત જે માનવી જ્ઞાનથી જાણી શકાતી નથી તે પ્રગટ કરે છે. વાંચો પ્રે.કૃ.૫ : ૧-૧૧

સફીરા અને અનાન્યા વિશે શું માહિતી અદ્‌ભુત રીતે પિત્તરને કરવામાં આવી હતી ?

(૨) વચનનું ડહાપણ એ દૈવિ બુધ્ધિ અને સમજશક્તિ દ્વારા જાણીતા બનાવોનો ઉકેલ લાવવા માટે આપવામાં આવે છે. વાંચો ૧ રાજા ૩ : ૧૬-૨૮

શું ઈશ્વરે સુલેમાનને વચનનું જ્ઞાન બે વિકલ્પમાંથી એકની પસંદગી કરવાના ઉકેલ માટે આપ્યું હતું ! તેને નામ દ્વારા કહેવામાં આવ્યું હોત કે કંઈ સ્ત્રી ખરી માતા હતી. તેમ છતાં ઈશ્વરે સરખા પરિણામો લાવવા માટે તેને ડહાપણ આપ્યું. કઈ રીતે ખરી માતાની જાણ કરાઈ હતી ?

(કલમ ૨૬) ..........................................................

(૩) **આત્માઓ પારખવાનું કૃપાદાન** એ દુષ્ટ અથવા ભલા આત્માની હાજરીને પારખવા અથવા ઓળખવા માટેની અદ્‌ભુત ક્ષમતા છે. વાંચો પ્રે.કૃ. ૧૬: ૧૬-૧૮

સ્ત્રીએ જે ભવિષ્યવાણી કરીહતી તે શું સાચી હતી કે ખોટી ? ..........................................

તે પાઉલ અને સિલાસને સાચી રીતે ઓળખી રહી હતી. તે શું કહી રહી હતી તે નહિ પરંતુ કેવી રીતે તે કહી રહી હતી તે ઉપાધિકારક બન્યું. કેટલીક વખત શેતાન સત્ય બોલે છે પરંતુ દુષ્ટ ઈરાદાઓથી !

(૪) **વિશ્વાસનું કૃપાદાન** એ કશાક વિશે હૃદયમાં ભરોસો અને જ્ઞાન છે કે જે ઈશ્વર અમલમાં લાવશે. વાંચો પ્રે.કૃ. ૩ : ૧-૯, ૧૬

પિત્તર અને યોહાન મંદિરમાં જતા હતા ત્યારે સુંદર નામના દરવાજા પાસે એક લંગડા માણસને જોયો જ્યારે પિત્તર એકી નજરે તેની સામુ જોઈ રહ્યો ત્યારે તેણે વિશ્વાસનું દાન પ્રાપ્ત કર્યું કે ઈશ્વર તેને સાજો કરશે. પિત્તરે શું કહ્યું કે જે કારણથી આ માણસ સાજો થયો ? (કલમ ૧૬)

..........................................................................................

(૫) **ચમત્કારો કરવાનું કૃપાદાન** એ અદ્‌ભુત હસ્તક્ષેપ છે કે જે તમામ કુદરતી અને શારીરિક નિયમો જેના વડે આપણે જીવીએ છીએ તેની ઉપરવટ છે.

વચનો વાંચો અને પ્રરિતોના હાથે જે ચમત્કારો થયા તેની યાદી બનાવો.

(૧) ........................................ (પ્રે.કૃ. ૩ : ૧-૯)

(૨) ........................................ (પ્રે.કૃ. ૯ : ૩૬-૪૦)

(૩) ........................................ (પ્રે.કૃ. ૧૯ : ૧૧-૧૨)

(૬) **સાજાપણાનું કૃપાદાન** એ શરીર તથા મનનું અદ્ભુત સાજાપણું જે રોગનું નિદાન અથવા સારવાર માટેની દવાઓ સૂચવવા દ્વારા નહિ પરંતુ હાથ મૂકવાથી, તેલ ચોળવાથી તથા કેટલીક વખત માત્ર શબ્દ બોલવાથી પ્રાપ્ત થાય છે.

વાંચો પ્રે.કૃ. ૨૮ : ૮

પાઉલે પોબ્લયુસના પિતાને શું કર્યું ? ......................

પરિણામ શું આવ્યું ? ......................

(૭) **પ્રબોધ કરવાનું કૃપાદાન** એ બોલનાર અને સાંભળનારની જાણીતી ભાષાનું અદ્ભુત ઉચ્ચારણ છે. વાંચો ૧ કરિંથી ૧૪ : ૩-૪

પ્રબોધ કરવાના કૃપાદાન માટે કયા ત્રણ હેતુઓ દર્શાવેલા છે ?

(૧) ...................... (૨) ......................

(૩) ......................

શું પ્રબોધની તુલના કરવી જોઈએ ? (૧ કરિંથી ૧૪ : ૨૯)

.............................................................

(૮) **અન્ય ભાષાઓનું કૃપાદાન** એ પ્રવચન કરનાર જે ભાષાઓ કદી શીખ્યો નથી કે સમજ્યો નથી તથા શ્રોતાઓ દ્વારા જે કદી સમજવામાં આવ્યું નથી તેવું પવિત્ર આત્મા દ્વારા અપાતુ અદ્ભુત ઉચ્ચારણ છે. વાંચો ૧ કરિંથી ૧૪ : ૨૭ - ૨૮

જો આપણે જાણીએ છીએ કે કોઈ દુભાષિયો નથી, તો આપણે શું કરવું જોઈએ ?

.................................................................................

(૯) **અન્ય ભાષાઓનું ભાષાંતર કરવાનું કૃપાદાન** એ અન્ય ભાષા બોલવાના કૃપાદાનનું ભાષાંતર છે. જ્યારે તમે અન્ય ભાષામાં બોલો અથવા પ્રાર્થના કરો છો ત્યારે તમે જે કહી રહ્યા છો તે શું તમે સમજો છો ? ( ૧ કરિંથી ૧૪ :૧૩-૧૪) ...................... જ્યારે તમે પ્રબોધ તથા અન્ય ભાષાનો સંદેશો આપો છો ત્યારે શું તે તમારા પર એટલું હાવી થાય છે કે તમારો તેના પર કોઈ કાબૂ રહેતો નથી ? (૧ કરિંથી ૧૪ : ૩૨) .............................................................

# બાર વહીવટી (સેવા) દાનોની વ્યાખ્યા

(૧) **પ્રબોધક :-** *દૈવી પરાક્રમ વડે ઈશ્વરના સત્યને સામર્થ્ય અને સત્યતાથી સમય પર અને સાંસ્કૃતિક રીતે સંવેદનશીલ ઢબમાં સુધારણા, પસ્તાવા તથા ઉન્નતિ માટે પોકારનાર. (૧ કરિંથી ૧૨ : ૨૮, એફેસી ૪ : ૧૧)*

(૨) **ઉપદેશક :-** *સાંભળનારાઓના જીવનમાં ઈશ્વરના વચનને સ્પષ્ટતાથી સમજાવનાર અને અમલમાં મૂકાવનાર (૧ કરિંથી ૧૨ : ૨૮, એફેસી ૪ : ૧૧)*

(૩) **સુવાર્તિક :-** *દૈવી પરાક્રમ વડે ખૂબ જ અસરકારક રીતે અવિશ્વાસીઓને ખ્રિસ્તના સંદેશા વિશે શીખવનાર કે જેથી તેઓ વિશ્વાસથી અને શિષ્યપણાથી પ્રત્યુત્તર આપે. (એફેસી ૪ : ૧૧)*

(૪) **પ્રેરિત / મિશનેરી :-** *પ્રેરિત શબ્દ ગ્રીક એપોસ્ટોલોસ ઉપરથી આવે છે. જેનો અર્થ છે “મોકલાયેલો” જે મંડળીઓ શરૂ કરવા અને તેમના વિકાસ પર દેખરેખ રાખવા માટેનું દૈવી પરાક્રમ છે. ( ૧ કરિંથી ૧૨ : ૨૮, એફેસી ૪:૧૧)*

(૫) **ઘેટાંપાળક / પાળક :-** *દૈવી પરાક્રમ વડે વ્યક્તિગત તથા ખ્રિસ્તના શરીરના જૂથને જેમ તેઓ તેમના વિશ્વાસમાં વૃધ્ધિ પામે તેમ દોરવા, કાળજી રાખવા અને પોષણ આપીને શિક્ષણ આપવા માટે. (એફેસી ૪ : ૧૧)*

(૬) **પ્રોત્સાહન / શિખામણ :-** *જેઓ નાહિંમત તથા તેમના વિશ્વાસમાં ડગુમગુ થયા છે. તેઓને એવી ફરી ખાતરી આપવાની, દૃઢ કરવાની અને હકીકત વ્યક્ત કરવાની ક્ષમતા કે તેઓ મદદ અને સાજાપણુ અનુભવે. (રોમન ૧૨ : ૮)*

(૭) **પરોણાગત :-** *દૈવી પરાક્રમ વડે નવા  અને જરૂરિયાતમંદ લોકોને સંગત, ખોરાક અને આશ્રય પૂરો પાડવાની કાળજી રાખવી. (૧ પિત્તર ૪ : ૯)*

(૮) **આગેવાની :-** *દૈવી પરાક્રમ વડે લોકોને સેવાનું કાર્ય પૂર્ણ કરવા, આકર્ષવા, દોરવા અને હેતુ પૂરો પાડવો. (રોમન ૧૨ : ૮)*

(૯) **દયા :-** *દૈવી પરાક્રમ વડે જે લોકો સહન કરી રહ્યા છે તેમની ખુશીથી અને સમર્પણથી સેવા કરવી. બીજાની દુ:ખી અવસ્થા પ્રત્યે સહાનુભૂતિ અનુભવવી. (રોમન ૧૨ : ૮)*

(૧૦) **વહીવટ / સરકાર :-** *મંડળીની સંસ્થાકીય અસરકારકતા વધારવા માટે યોજના અમલમાં મૂકવાની અને કાર્ય કરવાની પધ્ધતિ સિધ્ધ કરવા માટેની વિશિષ્ટ ક્ષમતા (૧ કરિંથી ૧૨ : ૨૮)*

(૧૧) **આપવું :-** *ખિસ્સાખર્ચના નાણાં આપવા કરતાં વધુ પોતાની જાતને આપવી. ખુશીથી અને ઉદારતાથી ઈશ્વરના કાર્યને નાણાં અને ભોતિક સાધનો સાધનો વડે મદદ કરવાની ક્ષમતા આપવા પાછળનો હેતુ એ દેવના કાર્યને આગળ વધારવાનો છે. (રોમન ૧૨ : ૮)*

(૧૨) **મદદ :-** *દૈવી પરાક્રમ વડે ખ્રિસ્તના શરીરની અંદર દૈહિક કાર્યોને પૂર્ણ કરવા માટે આત્મિક મૂલ્ય જોડવું. (૧ કરિંથી ૧૨ : ૨૮)*

## કૃપાદાનો વિશે વધુ

(૧) અન્ય ભાષી બીજા માણસો સાથે અદ્‌ભુત રીતે અન્ય ભાષામાં બોલવાનું એ હેતુસર નહોતું અપાયું કે સુવાર્તા આગળ ધપે પરંતુ એ હેતુસર હતું કે તેઓ ........................ ની સાથે બોલે નહિ કે ........................ની સાથે (૧ કરિંથી ૧૪ : ૨)

શું જે અન્ય ભાષા બોલે છે તેને સામાન્ય રીતે સમજી શકાય છે ?

..................................................................

(૨) શું પાઉલ વારંવાર અન્ય ભાષામાં બોલતો? (૧ કરિંથી ૧૪ : ૧૮)

શું પાઉલે ક્યારેય અન્ય ભાષામાં બોલવાની મનાઈ ફરમાવી હતી ? (૧ કરિંથી ૧૪ : ૩૯)

............................................

(૩) શું અન્ય ભાષામાં પ્રાર્થના કરવી એ આત્મામાં પ્રાર્થના કરવા સાથે સુસંગત છે ?

(૧ કરિંથી ૧૪ : ૧૪) ............................................

(૪) જ્યારે ભવિષ્ય ભાખવાના દાન, ભાષાઓ, જ્ઞાનનો અટકાવ થયો નથી ત્યારે આપણે જાણીએ છીએ કે " જે ........................ છે તે હજુ આવ્યુ નથી." ( ૧ કરિંથી ૧૩ : ૮-૧૦)

આપણે આશા રાખી રહ્યાં છીએ કે જ્યારે તે આવશે ત્યારે દેવનું રાજ્ય પરિપૂર્ણ થશે.

(૫) ચમત્કારો કરવા, માંદાને સાજા કરવા અને મરેલાને પણ સજીવન કરવા આ બધા કૃપાદાનોનો ઉપયોગ કરવા તમે વિશ્વાસ રાખી શકો છો પરંતુ એક ખૂબ જ આવશ્યક અંગ વગર તમને કશો ફાયદો થશે નહિ તે અંગે શું છે? (૧ કરિંથી ૧૩ : ૧-૩) ........................................................

(૬) ૧ કરિંથી ૧૪ : ૨૬ પ્રમાણે સઘળી વસ્તુઓ એકબીજાની ........................ ના હેતુસર થવી જોઈએ.

## સારાંશ

આત્મિક કૃપાદાનનો પ્રાથમિક હેતુ વિશ્વાસીઓને અન્ય વિશ્વાસીઓ સાથે બાંધવા તથા તેઓની ઉન્નતિને સારુ છે. દરેક સભ્ય આત્મિક કૃપાદાનોનો ઉપયોગ કરીને ખ્રિસ્તના શરીરમાં એકબીજાને મદદરૂપ માટે જવાબદાર છે. દરેક વિશ્વાસીએ આ ક્ષેત્રમાં સક્રિય રહેવું જોઈએ.

## ઉત્તરો

## આત્માના કૃપાદાનો

(૧) સેવા કાર્યો (૨) હા

(૨) પ્રાપ્ત કરવા, ઉત્કંઠા, અભિલાષા

(૪) સંતોની સંપૂર્ણતા માટે સેવાના કાર્ય માટે, ખ્રિસ્તના શરીરની ઉન્નતિ માટે.

## ૯ આત્મિક કૃપાદાનોની વ્યાખ્યા

(૧) તેઓએ જમીનની વેચાણ કિંમત વિશે જૂઠૂં બોલ્.

(૨) સાચી માતાએ તેના છોકરાને મારી નાખવાની પરવાનગી આપી નહિ

(૩) સાચી

(૪) વિશ્વાસ અને ઈસુના નામ દ્વારા

(૫) (૧) લંગડા માણસ સાજો થયો.

(૨) દોરકસને મૃત્યુમાંથી સજીવન કરવામાં આવી.

(૩) પાઉલના હાથે રોગો અને અશુધ્ધ

આત્માઓને દૂર કરવામાં આવ્યા.

(૬) તેના માથા પર હાથ મૂક્યા અને પ્રાર્થના કરી, તે સાજો થયો.

(૭) (૧) ઉન્નતિ

(૮) છાના રહેવું.

(૯) ના, તમારી સમજશક્તિ નિષ્ફળ છે.

ના, આત્મા તમને આધિન છે.

## કૃપાદાનો વિશે વધુ

(૧) ઈશ્વર, માણસ, ના

(૨) હા, હા, ના

(૩) હા

(૪) સંપૂર્ણ

(૫) પ્રીતિ

(૬) ઉન્નતિ